# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧ તા.૨-૪-૨૦૧૯

| |
|---|
| ૨૩મી એપ્રિલે ગુજરાત કરશે **"મતદાન"** |

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો. ૧ અને ૨માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન માટે પ્રગતિ પત્રક અને પરિણામ પત્રકમાં કરેલ બદલાવનો અમલ કરવા બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૧૯/૯૧૪૩-૭૬ તા.૧-૪-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રક્રીયાના ભાગરૂપે વિવિધ પત્રકો ભરવાના હોય છે. સ્કૂલબોર્ડ દ્વારા આ પત્રક દરેક શાળામાં આપવામાં આવેલ છે. ધો. ૧ અને ૨માં જે તે સમયના પાઠયપુસ્તકોના આધારે પ્રગતિ પત્રક અને પરિણામ પત્રક તૈયાર કરવામાં આવ્યા હતા. આ વર્ષથી ગુજરાતી માધ્યમની શાળાઓમાં એનસીઈઆરટીનાં ગણિતના પાઠયપુસ્તકોનો અમલ કરવામાં આવ્યો હોવાથી ભાષા અને પર્યાવરણ તેમજ ગણિતની અધ્યયન નિષ્પતી અલગ થઈ જાય છે. જેથી પ્રગતિ પત્રક અને પરિણામ પત્રકમાં તે અલગ દર્શાવવાની જરૂર પડે છે. જેના કારણે **<u>ધો.૧ના પત્રક ડી-૧ અને ડી-૨</u>** તેમજ **<u>ધો.૨ના પત્રક ડી-૩ અને ડી-૪</u>**માં ફેરફાર કરવાની જરૂર હતી જે ધ્યાનમાં લઈ આ પત્રકોના ફેરફાર કરવામાં આવ્યા છે. આ સાથે જરૂરી ફેરફાર સાથેના પત્રકો સામેલ છે. જેનો અમલ માત્ર ગુજરાતી માધ્યમની દરેક પ્રાથમિક શાળાઓમાં થાય તે સુનિશ્ચત કરવાનું રહેશે. ગુજરાતી સિવાયના અન્ય માધ્યમની શાળાઓમાં સ્કૂલબોર્ડ દ્વારા આપવામાં આવેલા પત્રકોનો ઉપયોગ કરવાનો રહેશે.

બિડાણ :- ધો.૧ના પત્રક ડી-૧ અને ડી-૨ તેમજ ધો.૨ના પત્રક ડી-૩ અને ડી-૪

તા.૦૨-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઇ/ ૨૦૧૯/ ૯૨૭૩-૯૬
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-1૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: ~~૩૦-૦૩-૨૦૧૯~~
૦૨/૦૪/૨૦૧૯

પ્રતિ

- પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ ધો.૧ અને ધો.૨માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન માટે પ્રગતિ પત્રક અને પરિણામ પત્રકમાં કરેલ બદલાવનો અમલ કરવા બાબત**

**સંદર્ભઃ શાખાની તા. ૩૦-૦૩-૧૯ની નોંધ ઉપરની મળેલ મંજૂરી અન્વયે**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે પ્રાથમિક શાળાઓમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રક્રિયાના ભાગરૂપે વિવિધ પત્રકો ભરવાનાં હોય છે. આ પત્રકો ભરાવા માટેની માહિતી જીસીઈઆરટી દ્વારા શિક્ષક માર્ગદર્શિકામાં આપવામાં આવી છે. આ માહિતીમાં ધોરણ ૧ અને ૨માં જે તે સમયનાં પાઠ્યપુસ્તકોના આધારે પ્રગતિ પત્રક અને પરિણામ પત્રક તૈયાર કરવામાં આવ્યાં હતાં. આ વર્ષથી એનસીઇઆરટીનાં ગણિતનાં પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવ્યો હોવાથી ભાષા અને પર્યાવરણ તેમજ ગણિતની અધ્યયન નિષ્પત્તિઓ અલગ થઇ જાય છે. જેથી પ્રગતિ પત્રક અને પરિણામ પત્રકમાં તે અલગ દર્શાવવાની જરૂર પડે છે. જેના કારણે ધોરણ ૧નાં પત્રક ડી-૧ અને ડી-૨ તેમજ ધોરણ ૨નાં પત્રક ડી-૩ અને ડી-૪ માં ફેરફાર કરવાની જરૂર હતી. જે ધ્યાનમાં લઈ આ પત્રકોના ફેરફાર કરવામાં આવ્યા છે. આ સાથે જરૂરી ફેરફાર સાથેનાં પત્રકો સામેલ છે જેનો અમલ દરેક પ્રાથમિક શાળાઓઆં થાય તે માટે આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ

- માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, બ્લોક- ૧૨ , જૂના સચિવાલય, જાણ સારું

પત્રક - **D-1**

**ધોરણ - ૧ વર્ષ - ......................**

## પ્રગતિપત્રક

**વિધાર્થીનું નામ- ................................................જન.રજી.નંબર - ..........**

**શાળાનું નામ- .................................................... તાલુકો- ..................**

**વર્ગ - ........... ક્રમાંક - ................ હાજર દિવસ - ......... કાર્ય દિવસ - ............**

(લાગુ પડતા ખાનામાં ✓ની નિશાની કરો.)

**વિષયઃ ભાષા - પર્યાવરણ**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | મધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| ૧ | જોડકણાં અને ગીતો ગાય છે. | | | |
| ૨ | એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે | | | |
| ૩ | ચિત્રનું વર્ણન કરે છે. | | | |
| ૪ | મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે | | | |
| ૫ | વાર્તાકથન કરે છે. | | | |
| ૬ | પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે. | | | |
| ૭ | સરળ મૌખિક સૂચના સમજે છે | | | |
| ૮ | વિગતને અનુરૂપ જવાબ આપે છે | | | |
| ૯ | મૂળાક્ષરો અને માત્રાઓ(સ્વર સંજ્ઞાઓ) વાંચે છે. | | | |
| ૧૦ | મૂળાક્ષરો અને માત્રાઓ(સ્વર સંજ્ઞાઓ) લખે છે. | | | |
| ૧૧ | સાદા શબ્દો સાંભળીને લખે છે. | | | |
| ૧૨ | શબ્દો અને વાક્યો વાંચે છે. | | | |
| ૧૩ | શરીરના ભાગો અને તેનાં કાર્યો જાણે છે. | | | |
| ૧૪ | આસપાસના પર્યાવરણની માહિતી કહે છે. | | | |
| ૧૫ | કારીગરો અને તેના વ્યવસાયોને ઓળખે છે. | | | |
| ૧૬ | વસ્તુઓના ગુણધર્મોના આધારે સરખામણી કરે છે | | | |
| ૧૭ | શબ્દોને ચિત્રો સાથે જોડે છે. | | | |
| ૧૮ | પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે | | | |
| ૧૯ | સાંભળેલી સૂચના મુજબચિત્ર દોરે છે. | | | |
| ૨૦ | વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે. | | | |

વિષયઃ ગણિત

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | માધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૨૦ સુધીની સંખ્યા સાથે કામ કરે છે. | | | |
| ૨ | વસ્તુઓને તેમના ભૌતિક ગુણધર્મો જેવા કેઆકાર,કદ અને બીજી જોઈ શકાય તેવી લાક્ષણિકતાઓ જેમ કે, ગબડવું અને સરકવું ના આધારે વર્ગીકૃત કરે દે. | | | |
| ૩ | સંખ્યાઓનાં નામ મોઢે બોલે છે અને ૨૦ સુધીની વસ્તુઓ કે જે સ્થળ ચિત્રાત્મક અને સાંકેતિક રૂપમાં હોય તેને ગણી શકે છે. | | | |
| ૪ | ૧ થી ૯ સંખ્યાનો ઉપયોગ કરીને વસ્તુઓ ગણી શકે છે | | | |
| ૫ | ૨૦ સુધીની સંખ્યાની તુલનાકરી શકે છે. | | | |
| ૬ | ૧ થી ૨૦ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે. | | | |
| ૭ | સ્થૂળ વસ્તુઓના ઉપયોગથી૯ સુધીના સરવાળાનાં તથ્યો બનાવે છે. | | | |
| ૮ | ૧ થી ૯ સંખ્યાના ઉપયોગથી બાદબાકી કરે છે. | | | |
| ૯ | ૯ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીની રોજિંદા જીવનને લગતી સમસ્યાઓનો ઉકેલ લાવે છે. | | | |
| ૧૦ | ૯૯ સુધીની સંખ્યાઓ ઓળખે છે અને લખે છે | | | |
| ૧૧ | આકારો અને આકૃતિઓનું તેનાં જોઈ શકાય તેવાં લક્ષણોના આધારે વર્ણન કરે છે. | | | |
| ૧૨ | આંગળીઓ, વેંત, હાથની લંબાઈ, પગનો પંજો વગેરે જેવાં અપ્રમાણિત પરિમાણોની મદદથી નાની લંબાઈનો અંદાજ કાઢી શકે છે અને માપી શકે છે. | | | |
| ૧૩ | આકારોના ઢાંચા અને સંખ્યાનું અવલોકન કરી વિસ્તૃતીકરણ કરે છે અને જાતે બનાવે છે | | | |
| ૧૪ | આકૃતિ અને સંખ્યાઓના ઉપયોગ દ્વારા સરળ ચિત્રોને લગતી સામાન્ય સૂચનાઓ ભેગી કરે છે લખે છે અને તેનો અર્થ બતાવે છે. | | | |
| ૧૫ | શૂન્યની સંકલ્પના વિકસાવે છે. | | | |

## વ્યક્તિત્વ વિકાસને લગતાં વિધાનો

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | માધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| ૧ | શાળાએ નિયમિત અને સમયસર આવે છે. | | | |
| ૨ | શરીર અને કપડાં સ્વચ્છ રાખે છે. | | | |
| ૩ | સમૂહમાં હળીમળીને રહે છે | | | |
| ૪ | વડીલો પ્રત્યે આદર ધરાવે છે. | | | |
| ૫ | શાળાકીય કાર્યક્રમોમાં સહકાર આપે છે. | | | |
| ૬ | સત્ય બોલવાનું વલણ દાખવે છે. | | | |
| ૭ | શિસ્તપૂર્વક વર્તે છે | | | |
| ૮ | પુસ્તકો/સાધનો વ્યવસ્થિત રાખે છે. | | | |
| ૯ | નવું જાણવાની વૃત્તિ(જિજ્ઞાસા) ધરાવે છે. | | | |
| ૧૦ | પ્રાણીઓ પ્રત્યે કરુણા દાખવે છે. | | | |
| ૧૧ | જૂથકાર્યમાં સક્રિયપણે ભાગ લે છે. | | | |

પત્રક - D- 2

ધોરણ - ૧ વર્ષ - ........................

## પરિણામપત્રક

શાળાનું નામ- ......................................................................................

ગામ - ..................................... તાલુકો - ...........................................

વર્ગ - .................................................. પરિણામ તારીખ - ...........

વર્ગ શિક્ષકનું નામ- .............................................સી.આર.સી. - ..................

| જાતિ | અનુ.જાતિ | | | અનુ.જનજાતિ | | | બક્ષી પંચ | | | અન્ય | | | કુલ | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર/કન્યા | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | |
| સંખ્યા | | | | | | | | | | | | | | | | |

| વર્ષ દરમિયાન કરાવેલ શાળા તત્પરતાની પ્રવૃત્તિઓ | સંખ્યા | ભાષા/પર્યાવરણ અને ગણિત શિક્ષણ અન્વયે વર્ષ દરમિયાન કરાવેલ પ્રવૃત્તિઓ | સંખ્યા |
|---|---|---|---|
| ૧. બાળનાટકો | | ૧. માટીકામ | |
| ૨.પર્યટન | | ૨. કાગળકામ | |
| ૩.રમત | | ૩. રમત | |
| ૪.બાળવાર્તા | | ૪. રંગપૂરણી | |
| ૫.અવલોકન પ્રવૃત્તિઓ | | ૫. જોડકણાં | |
| ૬.વર્ગીકરણ પ્રવૃત્તિઓ | | ૬. બાળગીતો | |
| ૭.કૂતુહલપ્રેરક પ્રવૃત્તિઓ | | ૭. ચિત્રો/આકૃતિઓ | |
| ૮.અખતરા- અનુભવજન્ય પ્રવૃત્તિઓ | | ૮. ચિત્રવર્ણન | |
| ૯.ગુણ-લક્ષણ ઓળખ પ્રવૃત્તિઓ | | ૯.પ્રવાસ/પર્યટન | |
| ૧૦.સંગ્રહ પ્રવૃત્તિઓ | | ૧૦.નાટ્ય પ્રવૃત્તિ | |
| ૧૧. યાદશક્તિ વિકાસ પ્રવૃત્તિઓ | | ૧૧. વાર્તા કથન | |
| ૧૨.વિચારશક્તિ વિકાસ પ્રવૃત્તિઓ | | | |
| ૧૩.સર્જનાત્મક પ્રવૃત્તિઓ | | | |
| ૧૪. તરાહની પ્રવૃત્તિઓ | | | |

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીનું નામ | જાતિ | હાજર દિવસ | ભાષા-પર્યાવરણ અભ્યાસક્રમનું વિષયવસ્તુ | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | જોડકણાં અને ગીતો ગાય છે. | એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે | ચિત્રનું વર્ણન કરે છે. | મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે | વાર્તાકથન કરે છે. | પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે. | સરળ મૌખિક સૂચના સમજે છે | વિગતને અનુરૂપ જવાબ આપે છે. | મૂળાક્ષરો અને માત્રાઓ(સ્વર સંજ્ઞાઓ) વાંચે છે. | મૂળાક્ષરો અને માત્રાઓ(સ્વર સંજ્ઞાઓ) લખે છે. | સાદા શબ્દો સાંભળીને લખે છે. | શબ્દો અને વાક્યો વાંચે છે. | શરીરના ભાગો અને તેનાં કાર્યો જાણે છે. | આસપાસના પર્યાવરણની માહિતી કહે છે. | કારીગરો અને તેના વ્યવસાયોને ઓળખે છે. | વસ્તુઓના ગુણધર્મોના આધારે સરખામણી કરે છે | શબ્દોને ચિત્રો સાથે જોડે છે. | પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે | સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે | વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે. |
| | | | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| **1** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **2** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **3** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **4** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **5** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **6** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **7** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **8** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **9** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **10** | | | | | | | | | | | | | | | | | | | | | | | |

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીનું નામ | જાતિ | હાજર દિવસ | ગણિત અભ્યાસક્રમનું વિષયવસ્તુ | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ થી ૨૦ સુધીની સંખ્યા સાથે કામ કરે છે | વસ્તુઓને તેમના ભૌતિક ગુણધર્મો જેવા કે આકાર,કદ અને બીજી જોઈ શકાય તેવી લાક્ષણિકતાઓ જેમ કે, ગબડવું અને સરકવું ના આધારે વર્ગીકૃત કરે ં. | સંખ્યાઓનાં નામ મોઢે બોલે છે અને ૨૦ સુધીની વસ્તુઓ કે જે સ્થળ ચિત્રાત્મક અને સાંકેતિક રૂપમાં હોય તેને ગણી શકે છે. | ૧ થી ૯ સંખ્યાનો ઉપયોગ કરીને વસ્તુઓ ગણી શકે છે | ૨૦ સુધીની સંખ્યાની તુલના કરી શકે છે | ૧ થી ૨૦ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે. | સ્થૂળ વસ્તુઓના ઉપયોગથ ૯ સુધીના સરવાળાનાં તથ્યો બનાવે છે | ૧ થી ૯ સંખ્યાના ઉપયોગથી બાદબાકી કરે છે. | ૯ સુધીની સંખ્યાના સરવાળા અને બાદબાકીની રોજિંદા જીવનને લગતી સમસ્યાઓનો ઉકેલ લાવે છે. | ૯૯ સુધીની સંખ્યાઓ ઓળખે છે અને લખે છે | આકારો અને આકૃતિઓનું તેનાં જોઈ શકાય તેવાં લક્ષણોના આધારે વર્ણન કરે છે. | આંગળીઓ, વેંત, હાથની લંબાઈ, પગનો પંજો વગેરે જેવાં અપ્રમાણિત પરિમાણોની મદદથી નાની લંબાઈનો અંદાજ કાઢી શકે છે અને માપી શકે છે. | આકારોના ઢાંચા અને સંખ્યાનું અવલોકન કર, વિસ્તૃતીકરણ કરે છે અને જાતે બનાવે છે. | આકૃતિ અને સંખ્યાઓના ઉપયોગ દ્વારા સરળ ચિત્રોને લગતી સામાન્ય સૂચનાઓ ભેગી કરે છે લખે છે અને તેનો અર્થ બતાવે છે. | શૂન્યની સંકલ્પના વિકસાવે છે |
| | | | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 1 | | | | | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | | | | | | | | |

**D - 3**

ધોરણ – 2વર્ષ - ........................

## પ્રગતિપત્રક

વિધાર્થીનું નામ - ..................................................જન.રજી.નંબર - ...........

શાળાનું નામ - ...................................................... તાલુકો - ..................

વર્ગ - ............ ક્રમાંક - ............. હાજર દિવસ - .......... કાર્ય દિવસ - .............

(લાગુ પડતા ખાનામાં ✓ની નિશાની કરો.)

## વિષય – ગુજરાતી/ પર્યાવરણ

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | મધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| ૧ | જોડકણાં અને ગીતો ગાય છે. | | | |
| ૨ | વાર્તાકથન કરે છે. | | | |
| 3 | વસ્તુઓના ગુણધર્મોના આધારેવર્ગીકરણ કરે છે. | | | |
| ૪ | દિશાઓ ઓળખે છે. | | | |
| ૫ | સાંભળેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે | | | |
| ૬ | વિગતને અનુરૂપ પ્રશ્નોના જવાબ આપે છે. | | | |
| ૭ | મોટેથી વાંચે છે.( મુખવાંચન) | | | |
| ૮ | અપરિચિત વાક્યોનું અનુલેખન કરે છે | | | |
| ૯ | પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે છે | | | |
| ૧૦ | નવા શબ્દોના અર્થ જાણે છે. | | | |
| ૧૧ | પશુઓ,પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે | | | |
| ૧૨ | પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે. | | | |
| ૧૩ | સ્થાનિક વનસ્પતિઓ વિશે જણાવે છે. | | | |
| ૧૪ | રાષ્ટ્રગીત ગાય છે. | | | |
| ૧૫ | આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે. | | | |
| ૧૬ | વનસ્પતિના વિવિધ ભાગો વિશે જણાવે છે. | | | |
| ૧૭ | સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે | | | |
| ૧૮ | શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ/ટૂંકાં વાક્યો લખે છે. | | | |
| ૧૯ | વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે. | | | |
| ૨૦ | વાર્તાનાં પાત્રો સાથે ભાવાત્મક જોડાણ અનુભવે છે | | | |
| ૨૧ | વાર્તા અને કાવ્યો વિશે લેખિત/ ચિત્રાત્મક/ સાંકેતિક રીતે પ્રતિભાવ આપે છે. | | | |
| ૨૨ | વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે | | | |
| ૨૩ | શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે. જેમ કે, સમાચારપત્રના બાળ વિભાગની સામગ્રી | | | |

વિષય - ગણિત

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | માધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| (A) ૧ | બે અંકની સંખ્યા સાથે કામ કરે છે. | | | |
| ૨ | બે અંકની સંખ્યા લખવા અને તુલના કરવા સ્થાનકિંમતનો ઉપયોગ કરે છે. | | | |
| ૩ | બે અંકની મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા બનાવી શકે છે. (આપેલ અંકના પુનરાવર્તન સાથે અને તેના વગર) | | | |
| ૪ | બે અંકના સરવાળા કરીને રોજિંદા જીવનના કોયડા / સમસ્યા ઉકેલે છે. | | | |
| ૫ | બે અંકની બાદબાકી વડે રોજિંદા જીવનના કોયડા / સમસ્યા ઉકેલે છે. | | | |
| ૬ | ત્રણથી ચાર ચલણી નોટ અને સિક્કાની મદદથી ૧૦૦ રૂપિયા સુધીની કિંમત બતાવે છે. | | | |
| (B) ૭ | લાક્ષણિકતાઓનું અવલોકન કરીને દ્વિપરિમાણીય કે ત્રિપરિમાણીય આકારોનું વર્ણન કરે છે. | | | |
| ૮ | સમઘન, લંબઘન નળાકાર, શંકુ અને ગોળા જેવા ત્રિપરિમાણીય આકારોને ઓળખે છે. | | | |
| ૯ | ત્રિપરિમાણીય આકારોનું દ્વિપરિમાણીય રેખાચિત્ર દોરે છે. | | | |
| ૧૦ | લંબચોરસ, ચોરસ ,ત્રિકોણ વર્તુળ જેવા દ્વિપરિમાણીય આકારોને તેમના નામથી ઓળખે છે. | | | |
| (C)૧૧ | સીધી અને વક્ર રેખા વચ્ચેનો ભેદ પરખે છે. | | | |
| ૧૨ | ઉભી, આડી અને ત્રાંસી એમ વિવિધ સ્થિતિમાં સીધી રેખા દોરે છે. | | | |
| (D)૧૩ | સળિયો, પેન્સિલ જેવી અપ્રમાણિત વસ્તુઓના ઉપયોગ દ્વારા આપેલા અંતર/લંબાઈનો અંદાજ કહે છે અને માપે છે. | | | |
| ૧૪ | ચમચી, કપ, ડોલ જેવાં અપ્રમાણિત પાત્રો દ્વારા આપેલાં પાત્રોનાં કદ / ગુંજાશનો અંદાજ કહે છે અને માપે છે. | | | |
| ૧૫ | સાદાં ત્રાજવાંના ઉપયોગથી ભારે અને હલકા પદાર્થની તુલના કરે છે | | | |
| ૧૬ | અઠવાડિયાના દિવસો અને વર્ષના મહિના ઓળખે છે. | | | |
| ૧૭ | દિવસ/ કલાકના સમયગાળામાં બનેલ ઘટના/ બનાવોને | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ક્રમ પ્રમાણે ગોઠવે છે. | | | |
| ૧૮ | આપેલ માહિતી પરથી અનુમાન કરે છે. | | | |
| ૧૯ | સો રૂપિયા સુધીના સિક્કા અને ચલણી નોટોને ઓળખે છે અને તેને લગતા સરવાળા અને બાદબાકીની પ્રક્રિયા કરે છે. | | | |

## વ્યક્તિત્વ વિકાસને લગતા વિધાનો

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સારું A | માધ્યમ B | સાધારણ C |
|---|---|---|---|---|
| ૧ | શાળાએ નિયમિત અને સમયસર આવે છે. | | | |
| ૨ | શરીર અને કપડાં સ્વચ્છ રાખે છે. | | | |
| ૩ | વર્ગમાં અન્ય બાળકો સાથે હળીમળીને રહે છે. | | | |
| ૪ | વર્ગ અને શાળાની સફાઈમાં ભાગ લે છે. | | | |
| ૫ | ઉત્સવો અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં ભાગ લે છે. | | | |
| ૬ | રમતો અને પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે | | | |
| ૭ | પ્રાર્થના સંમેલનમાં જોડાય છે. | | | |
| ૮ | રસપૂર્વક અવલોકન/ નિરીક્ષણ કરે છે. | | | |
| ૯ | નવું જાણવાની જિજ્ઞાસા ધરાવે છે. | | | |
| ૧૦ | પશુ-પક્ષીઓ તરફ પ્રેમભાવ રાખે છે. | | | |
| ૧૧ | વૃક્ષ અને ફૂલછોડને ઉછેરે છે અને તેમનીમાવજત કરે છે. | | | |
| ૧૨ | પોતાને ભાગે આવેલું કાર્ય ઉત્સાહપૂર્વક કરે છે | | | |

## પત્રક - D- 4

**ધોરણ - 2** **વર્ષ - ........................**

## પરિણામપત્રક

**શાળાનું નામ- ...........................................................................................**

**ગામ - ....................................  તાલુકો - ............................................**

**વર્ગ - ..................................................... પરિણામ તારીખ - ...........**

**વર્ગ શિક્ષકનું નામ- ..................................................સી.આર.સી. - ...................**

| જાતિ | અનુ.જાતિ | | | અનુ.જનજાતિ | | | બક્ષી પંચ | | | અન્ય | | | કુલ | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર/કન્યા | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | |
| સંખ્યા | | | | | | | | | | | | | | | | |

| ભાષા/પર્યાવરણ અને ગણિત શિક્ષણ અન્વયે વર્ષ દરમિયાન કરાવેલ પ્રવૃત્તિઓ | સંખ્યા |
|---|---|
| ૧. માટીકામ | |
| ૨. કાગળકામ | |
| 3. રમત | |
| ૪. રંગપૂરણી | |
| ૫. જોડકણાં | |
| ૬. બાળગીતો | |
| ૭. ચિત્રો/આકૃતિઓ | |
| ૮. ચિત્રવર્ણન | |
| ૯.પ્રવાસ/પર્યટન | |
| ૧૦.નાટ્ય પ્રવૃત્તિ | |
| ૧૧. વાર્તા કથન | |
| ૧૨. સંગ્રહ પ્રવૃત્તિઓ | |
| ૧૩. વર્ગીકરણની પ્રવૃત્તિઓ | |
| ૧૪. ગુણ્લક્ષણ ઓળખ પ્રવૃત્તિઓ | |
| ૧૫. અન્ય | |

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીનું નામ | જાતિ | હાજર દિવસો | ભાષા પર્યાવરણ અભ્યાસક્રમનું વિષયવસ્તુ | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | જોડકણાં અને ગીતો ગાય છે. | વાર્તાકથન કરે છે. | વસ્તુઓના ગુણધર્મોના આધારે વર્ગીકરણ કરે છે | દિશાઓ ઓળખે છે. | સાંભળેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે | વિગતને અનુરૂપ પ્રશ્નોના જવાબ આપે છે. | મોટેથી વાંચે છે.( મુખવાંચન) | અપરિચિત વાક્યોનું અનુલેખન કરે દં. | પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે દં. | નવા શબ્દોના અર્થ જાણે છે. | પશુઓ,પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે | પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે. | સ્થાનિક વનસ્પતિઓ વિશે જણાવે છે. | રાષ્ટ્રગીત ગાય છે. | આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે. | વનસ્પતિના વિવિધ ભાગો વિશે જણાવે છે. | સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે | શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ/ટૂંકાં વાક્યો લખે છે. | વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે. | વાર્તાનાં પાત્રો સાથે ભાવાત્મક જોડાણ અનુભવે છે | વાર્તા અને કાવ્યો વિશે લેખિત/ ચિત્રાત્મક/ સાંકેતિક રીતે પ્રતિભાવ આપે છે. | વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે | શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે. જેમ કે, સમાચારપત્રના બાળ વિભાગની સામગ્રી |
| | | | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 1 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 9 | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીનું નામ | જાતિ | હાજર દિવસો | ગણિત અભ્યાસક્રમનું વિષયવસ્તુ | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બે અંકની સંખ્યા સાથે કામ કરે છે. | બે અંકની સંખ્યા લખવા અને તુલના કરવા સ્થાનકિંમતનો ઉપયોગ કરે છે. | બે અંકની મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા બનાવી શકે છે. (આપેલ અંકના પુનરાવર્તન સાથે અને તેના વગર) | બે અંકના સરવાળા કરીને રોજિંદા જીવનના કોયડા / સમસ્યા ઉકેલે છે. | બે અંકની બાદબાકી વડે રોજિંદા જીવનના કોયડા / સમસ્યા ઉકેલે છે. | ત્રણથી ચાર ચલણી નોટ અને સિક્કાની મદદથી ૧૦૦ રૂપિયા સુધીની કિંમત બતાવે છે. | લાક્ષણિકતાઓનું અવલોકન કરીને દ્વિપરિમાણીય કે ત્રિપરિમાણીય આકારોનું વર્ણન કરે છે. | સમઘન, લંબઘન નળાકાર, શંકુ અને ગોળા જેવા ત્રિપરિમાણીય આકારોને ઓળખે છે. | ત્રિપરિમાણીય આકારોનું દ્વિપરિમાણીય રેખાચિત્ર દોરે છે. | લંબચોરસ, ચોરસ ,ત્રિકોણ વર્તુળ જેવા દ્વિપરિમાણીય આકારોને તેમના નામથી ઓળખે છે. | સીધી અને વક્ર રેખા વચ્ચેનો ભેદ પરખે છે. | ઉભી, આડી અને ત્રાંસી એમ વિવિધ સ્થિતિમાં સીધી રેખા દોરે છે. | સળિયો, પેન્સિલ જેવી અપ્રમાણિત વસ્તુઓના ઉપયોગ દ્વારા આપેલા અંતર/લંબાઈનો અંદાજ કહે છે અને માપે છે. | ચમચી, કપ, ડોલ જેવાં અપ્રમાણિત પાત્રો દ્વારા આપેલાં પાત્રોનાં કદ / ગુંજાશનો અંદાજ કહે છે અને માપે છે. | સાદાં ત્રાજવાંના ઉપયોગથી ભારે અને હલકા પદાર્થની તુલના કરે છે. | અઠવાડિયાના દિવસો અને વર્ષના મહિના ઓળખે છે. | દિવસ/ કલાકના સમયગાળામાં બનેલ ઘટના/ બનાવોને ક્રમ પ્રમાણે ગોઠવે છે. | આપેલ માહિતી પરથી અનુમાન કરે છે. | સો રૂપિયા સુધીના સિક્કા અને ચલણી નોટોને ઓળખે છે અને તેને લગતા સરવાળા અને બાદબાકીની પ્રક્રિયા કરે છે. |
| | | | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 1 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 9 | | | | | | | | | | | | | | | | | | | | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧-A તા.૨-૪-૨૦૧૯

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
"**મતદાન**"

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન નિયત કરવા બાબત.
સંદર્ભ :- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૧૬૫૫-૧૭૪૧ તા.૧-૪-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકોના વેકેશનની તારીખ એક સરખી રહે તે માટે શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં નીચે દર્શાવેલ તારીખ મુજબ ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે. જે મુજબ દરેક શાળાઓએ અમલીકરણ કરવાનું રહેશે.

**ઉનાળુ વેકેશનનો સમયગાળો**

- તા. ૦૬-૦૫-૨૦૧૯ થી તા.૦૯-૦૬-૨૦૧૯ સુધી (૩૫ દિવસ)
- તા.૧૦-૦૬-૨૦૧૯ થી શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે.

તા.૦૨-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

પરિપત્ર નં.૧૩૨ તા.૨૯-૦૩-૨૦૧૯ દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૯ના કાર્યક્રમમાં તા.૧૩-૦૪-૨૦૧૯, શનિવારના રોજ ધો.૪ અને ૫ પ્રાદેશિક ભાષાની પરીક્ષા **૭.૧૫ થી ૯.૧૫ની જગ્યાએ ૧૦.૩૦ થી ૧૨.૩૦ રહેશે.** ધો.૪ અને ૫ ની પ્રાદેશિક ભાષાની પરીક્ષાના સમયમાં થયેલ ફેરફાર અંગે તમામ બાળકો અને વાલીશ્રીઓને જણાવવાનું રહેશે.

તા.૦૨-૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃ:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૧૬૫૫-૧૭૪૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૧/૦૪/૨૦૧૯

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન નિયત કરવા બાબત.

રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલ તારીખ મુજબનુ ઉનાળુ અને દિવાળી વેકેશન રાખવામાં આવે છે. જે મુજબ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં નીચે જણાવેલ તારીખે ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે.

ઉનાળુ વેકેશનનો સમય ગાળો

- તા. ૦૬/૦૫/૨૦૧૯ થી તા. ૦૯/૦૬/૨૦૧૯ સુધી (૩૫ દિવસ)
- તા. ૧૦/૦૬/૨૦૧૯ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે

ઉક્ત બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સંકલનમાં રહીને વેકેશનની તારીખો જાહેર કરવાની રહેશે. જેથી પ્રાથમિક/માધ્યમિક બંને શાળાઓના બાળકોના વેકેશનની તારીખ એક જ સરખી રહી શકે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ આ પત્રની જાણ સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજો તેમજ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવાની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**
-નાયબ સચિવશ્રીગાંધીનગર ,સચિવાલય ,શિક્ષણ વિભાગ (.શિ.પ્રા) ,

Scanned by CamScanner